# NAMINATH BHAGWAN



શ્રી નમિજિન - મિથિલાનગરીમાં જન્મ્યા હતા, તેમના પિતા વિજય રાજા અને વપ્રા રાણી માતા હતાં. ભગવંત ગર્ભમાં આવ્યા પછી સીમાડાના શત્રુ રાજા હતા તે ચઢી આવ્યા. ગામના કિલ્લાને ચારે બાજુ લશ્કરનો પડાવ નાંખી વિંટી લીધો. રાજાને ઘણી બીક લાગી પણ રાણીએ કિલ્લા ઉપર ચઢીને શત્રુઓને વાંકી નજરે જોયા. રાણીનું તેજ વૈરી રાજાઓથી ખમાયું નહિ, તેથી સર્વ આવીને ભગવંતની માતાને નમસ્કાર કરી કહેવા લાગ્યા, કે અમારા ઉપર સૌમ્યદષ્ટિએ જુઓ, રાણીએ તેમની ઉપર સૌમ્ય નજરે જોઈ માથે હાથ મૂકયો. સર્વ રાજાઓ રાણીને પગેર લાગી આજ્ઞા માગી પોતપોતાના નગરે ગયા. એવો ગર્ભનો પ્રભાવ જાણી નમિનાથ નામ દીધું. તેમનું પન્નર ધનુષ્ય શરીરમાન અને દસ હજાર વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ અને લાંછન નીલકમળ જાણવું.





# SHREE SIMANDHAR SWAMI

## સ્તવન

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો.
મુજ વિનતડી પ્રેમ ધરીને,
એણી પેરે તુમ સંભળાવજો;
જે ત્રણ ભુવનનો નાયક છે,
જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે;
જ્ઞાન દર્શન જેહને ક્ષાયક છે. સુણો. ૧
જેની કંચનવરણી કાયા છે,
જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે. સુણો. ૨
બાર પર્ષદામાંહી બિરાજે છે,
જસ ચોત્રીસ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે... સુણો. ૩
ભવિજનને જે પડિબોહે છે;
તુમ અધિક શીતલ ગુણ સોહે છે
રૂપ દેખી ભવિજન મોહે છે... સુણો. ૪
તુમ સેવા કરવા રસિયો છું,
પણ ભરતમાં દૂર વસિયો છું;
મહા મોહરાય કર ફસીયો છું... સુણો. ૫
પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે,
તુમ આણા ખડ્ગ કર ગ્રહીયો છે;
તો કાંઈક મુજથી ડરીયો છે... સુણો. ૬
જિન ઉત્તમ પૂંઠે હવે પૂરો,
કહે "પદ્મવિજય" થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો. ૭

❖ ❖ ❖

## સ્તવનનો અર્થ

હે ચંદવિમાનના માલિક ચંદ્ર નામના ઇન્દ્ર ! તમો મારી વાત સાંભળી મારા પરમાત્મા શ્રી સીમંધર સ્વામી પાસે જજો અને એમને સ્નેહપૂર્વક મારી આ પ્રમાણેની વિનંતિ સંભળાવજો. (૧)

(જુઓ ! હું તમને એમની ઓળખાણ આપું !)

એઓ સ્વર્ગ - મનુષ્ય અને પાતાળ એમ ત્રણ લોકના સ્વામી છે, ચોસઠ ઇન્દ્રો એમના ચરણ કમળોની સેવા કરે છે, એઓ કદી નાશ ન પામે એવા અનંતજ્ઞાનના અને અનંત દર્શન આદિ ગુણોના માલિક છે. (૨)

(વળી) એ પરમાત્માની કાયા સોના જેવા વર્ણવાળી છે, એમની જંઘામાં બળદનું ચિહ્ન છે, એ એઓ પુંડરીગિણિ નામની નગરીના મહારાજાધિરાજ છે. (૩)

વળી એઓ ચાર પ્રકારના દેવ, ચાર પ્રકારની દેવીઓ અને સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા સ્વરૂપ ચાર પ્રકારના મનુષ્યોની (એમ બાર પ્રકારની) સભામાં બિરાજમાન છે, સિંહાસન - ચામર આદિ ચોત્રીશ અતિશયો એમને શોભી રહ્યા છે, વાણીના ૩૫ અદ્‌ભૂત ગુણોથી એઓ મેઘની જેમ ગાજી રહ્યા છે. (૩)

(વળી એ પ્રભુજી) ભવ્યજનોને સુંદર ઉપદેશ દ્વારા જાગૃત કરે છે, હે ચંદ્રમા શીતળતા ગુણમાં તમારા કરતાં પણ અધિક એઓ શોભી રહ્યા છે. એમનું અદ્‌ભૂત રૂપ જોઈ ભવ્યજનો એમના તરફ અત્યંત આકર્ષણવાળા થાય છે. (૪)

(હે ચંદ્રમા ! આ રીતે તમોને ભગવાનની ઓળખાણ આપી. હવે મારી નીચે મુજબની વાતો એ પરમાત્માને કહેજો)

"હે વિચરતા તીર્થંકરદેવ શ્રી સીમંધરસ્વામી ! હું તમારી સેવા કરવા માટે ખૂબ રસિક છું (પણ શું કરું ?)

આપના (મહાવિદેહ ક્ષેત્રથી) ઘણે દૂર ભરતક્ષેત્રમાં હું રહું છું અને મહાભયંકર મોહરાજાના હાથમાં ફસાઈ ગયો છું. (૫)

પણ હે સાહેબ ! મેં આપને મારા દિલમાં સ્થાપન કર્યા છે અને આપની આજ્ઞારૂપી તલવાર મારા હાથમાં ધારણ કરી છે અને એથી જ એ મોહરાજા મારાથી કાંઈક ભયભીત થયો છે. (૬)

કવિપ્રવર શ્રી પદ્મવિજય મહારાજ કહે છે - "હે જિનમાં ઉત્તમ (સીમંધર સ્વામી દેવ !) હવે હું પૂરેપૂરો આપને અનુસરીશ અને એથી જ ખૂબ શૂરવીર બનીશ અને મારા મનને અત્યંત પ્રકાશિત - તેજસ્વી બનાવીશ." (૭)

**Simandhar Swami Stavan & Meaning**

This stavan is often recited during the Raiya (Morning) Pratikraman

KISHOR B SHAH

# SHREE SIMANDHAR SWAMI



જંબૂદ્વીપ :

ધાતકીખંડ અને અડધો પુષ્કરવરદ્વીપ; એમ અઢીદ્વીપમાં જ મનુષ્યોના જન્મ-મરણ થાય છે. આ અઢી દ્વીપમાં પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર આવેલા છે. તેને કર્મભૂમિ કહેવાય છે. આ પંદર કર્મભૂમિમાં જ તીર્થંકર પરમાત્માઓ હોય છે. દરેક ભરત અને ઐરવતક્ષેત્રમાં ૨૪-૨૪ તીર્થંકરો થતાં હોય છે. જ્યારે મહાવિદેહક્ષેત્રમાં તો સદા તીર્થંકરો હોય છે.

જંબૂદ્વીપમાં -

૧, ધાતકીખંડમાં -

૨, અને પુષ્કરવરદ્વીપમાં - ૨ એમ કુલ પાંચ મહાવિદેહમાં દરેકમાં ૪-૪ ભગવાન વર્તમાનકાળે વિચરતા હોવાથી તે વીસે ભગવાન વિહરમાન તીર્થંકર તરીકે પ્રસિદ્ધ છે.

વીસેવીસ તીર્થંકર ભગવંતોની નીચેની વિગતો સમાન છે :

(૧) ચ્યવન : અષાઢ વદ - ૫

(૨) જન્મ : ચૈત્ર વદ - ૧૦

(૩) જન્મ નક્ષત્ર - ઉત્તર અષાઢા

(૪) જન્મરાશી : ધન

(૫) અવગાહના - ૫૦૦ ધનુષ્ય

(૬) વર્ણ : કંચન

(૭) ગૃહસ્થાવસ્થા - ૮૩ લાખ પૂર્વ

(૮) દીક્ષા કલ્યાણક : ફાગણ સુદ - ૩

(૯) દીક્ષાવૃક્ષ - અશોક

(૧૦) છદ્મસ્થ પર્યાય - ૧૦૦૦ વર્ષ

(૧૧) કેવળજ્ઞાન - ચૈત્ર સુદ ૧૩

(૧૨) ગણધર - ૮૪

(૧૩) કેવળજ્ઞાન - ૧૦ લાખ

(૧૪) સાધુ - ૧૦૦ કરોડ

(૧૫) સાધ્વી - ૧૦૦ કરોડ

(૧૬) શ્રાવક - ૯૦૦ કરોડ

(૧૭) ચારિત્રપર્યાય - ૧ લાખ પૂર્વ

(૧૮) આયુષ્ય - ૮૪ લાખ પૂર્વ

(૨૦) નિર્વાણ - શ્રાવણ સુદ - ૩